રજુ તારીખ :૨૯/૦૬/૨૦૧૮
દાખલ તારીખ :૨૯/૦૬/૨૦૧૮
ફેંસલ તારીખ :૨૨/૦૭/૨૦૧૮
અવધિઃ– વર્ષઃ૦૦, માસઃ૦૦, દિવસઃ૨૩

**મહેરબાન અમદાવાદ (રુરલ)ના ચોથા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં**

**ફોજ. કેસ નં.૫૫૫૨/૨૦૧૮**
આંક–૦૬

**ફરીયાદી : સ ર કા ર શ્રી.**

**વિ રૂ ધ્ધ.**

**આરોપી : પ્રતાપસિંહ સ/ઓ સોનજીભાઈ સેંધાજી ઠાકોર**
**રહે. ૧૬૧ એલ.જે. કોલેજ સામે ધેલજીપુરા રોડ, નાગદેવ મંદિર પાસે, સરખેજ, અમદાવાદ.**

ફરીયાદી તર્ફે વિ. વ . શ્રી એ . પી. પી.શ્રી અને આરોપી તરફે વિ. વ . શ્રી.

**ગુનો : ઈ.પી.કો.ક. ૧૮૮ મુજબ.**

**૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–**
**આરોપીએ જે તે વખતે અમલમાં રહેલા સરકારી જાહેરનામાનો ભંગ કરી, ઈ.પી.કો.ક. ૧૮૮ મુજબનો ગુનો કરેલ છે.**

**૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ધરપકડ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.**

**૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની આંક–૫ થી પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.**

**૪. આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીષ આંક–૪ થી આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીષ આપી જણાવેલ છે કે, તેઓને સ્વેચ્છાએ ગુનો કબુલ કરીએ છીએ, યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે.**

**૫. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**–ઃ આ ખ રી હુ ક મ ઃ–**

**આ કામના આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે ઈ.પી.કો.ક. ૧૮૮ મુજબના ગુનામાં માણસની જીંદગી જોખમાવા અંગેના ગુનાનાં જાહેરનામાનો ભંગ હોય, આરોપીને તકસીરવાન ઠરાવી, રૂા.૧,૦૦/– અંકે રૂપિયા એક સો પુરાનો દંડ જો આરોપી દંડ ન ભરે તો દિન–બે ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**ઉપરોકત ચુકાદો તા. ૨૨ જુલાઈ ૨૦૧૮ ના રોજ જાહેર કર્યો.**

**તા. ૨૨ /૦૭/૨૦૧૮**
**સ્થળઃ– મીરઝાપુર,અમદાવાદ**

**(શિવકુમાર પી. કેન )**
**ચોથા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.**
**અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર**